હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

હું પણ ભ્રષ્ટાચાર મુક્ત ભારતનો હિમાયતી છું... પણ એ થાય તેમ નથી... હું હેલ્મેટ ભુલી ગયો છું... આપણે અહીં જ પતાવી દઈએ...

સમુહ લગ્નોત્સવ - સામાજિક ક્રાંતિ સમાન સમુહ લગ્નોત્સવ છેલ્લા દાયકાથી વિવિધ સમાજો અપનાવી રહ્યા છે. દશગામ લેઉવા પાટીદાર સમાજ દ્વારા ૩૧મો સમુહ લગ્નોત્સવ ધમાસણા ખાતે યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યા હતા....

એટીએમ ફ્રોડ ગેંગ પુનઃ સક્રિય : કૉડ માંગીને ૩૧ હજાર ઉપાડી ગયા

સે. ૩માં રહેતા નિવૃત્ત કર્મચારીને ફોન કરીને ઓટીપી નંબર લઈ બેંક ખાતામાંથી ચાર તબક્કામાં રૂપિયા ઉપાડ્યા

ગાંધીનગર, તા. ૪

બેંક ખાતેદારોની યાદી મેળવીને ખાતેદારને ફોન કરી આધાર લીંક કરવા, એટીએમ પુનઃ ચાલુ કરવા, બ્લોક એટીએમ ચાલુ કરવાના બહાના હેઠળ ફોન કરીને ઓટીપી નંબર સહિત વિવિધ વિગતો મેળવી લઈને એટીએમ ફ્રોડ ગેંગ બેંક ખાતામાંથી રૂપિયા ઉપાડી લઈ ફ્રોડ કરતા હોય છે. આ ગેંગ પુનઃ સક્રિય થઈ ગઈ છે. સે. ૩માં રહેતા એક નિવૃત્ત કર્મચારીને ટાર્ગેટ કરી ઓટીપી નંબર મેળવી લઈ ચાર તબક્કામાં તેમના ખાતામાંથી રૂ. ૩૧,૪૯૭ ઉપાડી લઈ છેતરપીંડી કરી હોવાની પોલીસ ફરિયાદ સે. ૭ પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી છે.

શહેરના સેક્ટર-૩-સી, પ્લોટ નં. ૪૬૯/૨ ખાતે રહેતા જગદીશચંદ્ર શાંતિલાલ ઠાકર શિક્ષણ વિભાગમાંથી નિવૃત્ત થયેલા છે. ૩૧મી જાન્યુઆરીએ તેઓ ઘરે બેઠા હતા ત્યારે તેમના મોબાઈલ પર એક ફોન આવ્યો કે 'યુનિયન બેંકમાંથી બોલુ છુ. તમારૂ બેકનું એટીએમ કાર્ડ બંધ થઈ ગયુ હતુ. અમે ચાલુ કરી દીધુ છે. તમારા મોબાઈલમાં એક મેસેજ આવ્યો હશે તેમાં લખેલો ઓટીપી નંબર લખાવો..!' નિવૃત્ત જગદીશચંદ્રએ વાતોમાં આવી જઈને ઓટીપી નંબર લખાવી દીધો હતો. બીજે દિવસે ખબર પડી કે તેમના બેંક ખાતામાંથી ચાર તબક્કામાં રૂ. ૩૧,૪૯૭ ઉપડી ગયા છે. તેમની સાથે થયેલી છેતરપીંડી મામલે સે. ૭ પોલીસ મથકમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરી ગુનાની તપાસ શરૂ કરી છે.

બ્રહ્માકુમારી વિદ્યાલયના વડા ૧૦૨ વર્ષના દાદી જાનકીજી ચિલોડાની મુલાકાતે

બ્રહ્માકુમારીઝ વિદ્યાલયના વડા ૧૦૨ વર્ષના દાદી જાનકીજી આજે ગાંધીનગર નજીક આવેલ ચિલોડાની મુલાકાત લીધી હતી. પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય ચિલોડાના નવનિર્મિત

જગદંબા ભવન ખાતે પાવન પગલા પાડી વિદ્યાની દેવી માતેશ્વરી જગદંબા સરસ્વતીજીની પ્રતિમાનું અનાવરણ કર્યું હતું. આ પ્રસંગે હજજારો નાગરીકો હાજર રહ્યા હતા.

વિશ્વના તમામ માનવજીવનને સંપૂર્ણ પવિત્ર,સુખી, અને સમુધ્ધ, બનાવવાની ભારે મહેચ્છા ધરાવતા દાદી જાનકીએ તત્કાલીન મુખ્ય પ્રશાસિકા પ્રકાશમણી દાદીના ઓગસ્ટ -૨૦૦૭ માં થયેલ નિધન બાદ ૯૧ વર્ષની જૈફ વયે આંતરરાષ્ટ્રીય મુખ્ય પ્રશાસિકા તરીકેનો કાર્યભાર સંભાળ્યો હતો. દાદીજીએ ૧૯૭૪થી આજદિન સુધી અથકસેવાવૃત રહી વિશ્વના ૮૪ થી પણ વધુ દેશોનો પ્રવાસ કરી વિદ્યાલયના આધ્યાત્મિક કેન્દ્રોના દ્વારા સફળ વહીવટનું ઉત્કૃષ્ટ આધ્યાત્મિક નેતૃત્વ પુરુ પાડ્યું છે. દાદીજીએ રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય ધાર્મિક અને સામાજીક સંમેલનોમાં હદયસ્પર્શી પ્રવચનો દ્વારા તથા સામાજીક, આધ્યાત્મિક અને રાજનૈતિક મહાનહસ્તી વ્યકિતગત મુલાકાત કરીને પ્રભુના શરણે લાવી માનવતાવાદી અભિગમભર્યુ શ્રેષ્ઠ જીવન જીવવાની પ્રેરણા આપતા રહ્યા છે. ત્યાગ, તપસ્વી, નિખાલસ, રાજયોગી જાનકીજીએ પ્રભુમય જીવન જીવવા દેશ-વિદેશની અનેક કન્યાઓને તૈયાર કરી ગુજરાતને અમુલ્ય ભેટ ધરી છે. જેમાં ગુજરાતના વડા બી.કે.સરલાદીદી, ખેડા જિલ્લાના વડા બી. કે. પૂર્ણિમા દીદી, અને ગાંધીનગ સેવાકેન્દ્રના વડા બી.કે.કૈલાશદીદી મુખ્ય છે. આવા મહાન પ્રેરણામૂર્તિ, માતૃહદયી, કોમળ, અને નિખાલસ સ્વભાવના ૧૦૨ વર્ષના દાદી જાનકીજી આજે સાક્ષરનગરી ગાંધીનગર ખાતે પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના મોટા ચિલોડાના નવનિર્મિત જગદંબા ભવન ખાતે વિદ્યાની દેવી માતેશ્વરી જગદંબા સરસ્વતીજીની પ્રતિમાનું અનાવરણ કર્યું હતું.

શહેરમાં લગ્નસરાની મોસમ પુરબહારમાં ખીલી ઉઠી

તા. ૫ અને ૬ ના રોજ શહેરના તમામ પાર્ટી પ્લોટ, વાડી, તેમજ રંગમંચ બુક

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરમાં અત્યારે હાલના સમયે લગ્નસરાની મૌસમ પુરબહારમાં ખીલી ઉઠી છે. શહેરના મુખ્ય માર્ગો તેમજ સેકટરોના આંતરીક માર્ગો સંગીતની સુરાવલીઓ તેમજ ડી.જે.ના તાલે ઝુમતા જાનૈયાઓ નજરે પડી રહ્યા છે. ત્યારે શહેરના તમામ પાર્ટી પ્લોટ અને વાડી અને રંગમંચ બુક થઈ ગયા છે. ત્યારે સોમવાર અને મંગળવારના રોજ શહેરમાં સંખ્યાબંધ લગ્ન સમારોહ છે. ત્યારે શહેરના વસાહતીઓના ઘરમાં પણ એક સાથે ૫ થી વધુ કંકોતરી તેમજ આમંત્રણ કાર્ડ આવેલા હોવાથી જાયે તો જાયે કહા જેવો ઘાટ સર્જાયો છે.

હાલ ચાલી રહેલા ફેબુઆરી માસમાં લગ્નની મૌસમ પુરબહારમાં ખીલી ઉઠી છે. શહેરમાં સાંજ ઢળતા જ સંગીતના શુરો વચ્ચે ગરબાની રમઝટ જામેલી દેખાય છે તો બીજીતરફ ડી.જે.ના તાલે નવયુવાનો નાચતા નજરે પડે છે. શહેરમાં હાલના સમયે મંડપ ડેકોરેશન, રસોઈયા, લાઈટીંગ, ઘોડા-બગીવાળા, ફુલોવાળા, બ્યુટીપાર્લર, સહિતના વેપારીઓમાં તેજી જોવા મળી રહી છે. ફેબુઆરીની તા.૫ અને ૬ સોમવાર અને મંગળવારના રોજ અસંખ્ય લગ્નો સમારોહ આયોજીત છે તો બીજીતરફ આગામી બે સપ્તાહ સુધી પણ શહેરમાં સમાવિષ્ટ તેમજ બહાર આવેલા પાર્ટી પ્લોટ તેમજ રંગમંચ બુક થઈ ગયા છે. ત્યારે લગ્નોને પગલે તમામ વેપારીઓએ પણ ભાવમાં તોંતિગ વધારો ઝીંકી દીધો છે.

જયારે કેટલાક નાગરીકો લગ્ન સમારોહ લઈને બેઠા હોવાથી ના છુટકે ભાવ વધારો આપવો પડે છે. ત્યારે શહેરમાં અસંખ્ય લગ્નો હોવાથી વેપારીઓની બોલબાલા જોવા મળી રહી છે. શહેરના સેકટરોની શેરીઓ તેમજ સોસાયટીઓમાં સાંજ ઢળતા જ સંગીતની સુરાવલીઓ સાથે ગરબા ગાતા અને ડી.જે.ના તાલે ઝુમતા નવયુવાનો નજરે પડી રહ્યા છે. ત્યારે શહેરમાં હાલના સમયે ચો તરફ લગ્ન હોવાથી ભોજન સમારોહ પણ યોજાઈ રહ્યા છે. ત્યારે નગરજનોમાં પણ એક સાથે અસંખ્ય કંકોતરી આવેલી હોવાથી કયાં જવુ અને કયાં ન જવુ તેની અસંમજસ જોવા મળી રહી છે.

પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈને આચાર્ય તુલસી સન્માનથી નવાજવામાં આવ્યા

જૈન સમાજની ૧૧૨ વર્ષથી કાર્યરત અખિલ ભારતીય સંસ્થા ભારત જૈન મહામંડળ દ્વારા જૈન ધર્મને ગૌરવાન્વિત કરનાર પ્રતિભાશાળી વ્યકિતઓને સન્માનિત કરવાનો ઉપક્રમ રહેલો છે. આચાર્ય તુલસી-મહાપ્રજ્ઞ

વિચારમંચ દ્વારા આચાર્ય તુલસી સન્માન છેલ્લા તેર વર્ષથી આપવામાં આવે છે સાહિત્ય, શિક્ષણ, પત્રકારત્વ જૈન ધર્મ દર્શનનીઅને સમાજ સેવા જેવા વિવિધ વિષયોમાં ઉત્કૃષ્ટ યોગદાન આપના અને માનવ મૂલ્યોની દશા અને દિશાનું ગરિમાપૂર્ણ લેખન કરનાર ડો. કુમારપાળ દેસાઈને આચાર્ય તુલસી સન્માન પુરસ્કાર ઓ.પી. કોહલીના હસ્તે આપવામાં આવ્યો હતો.

ડો. કુમારપાળ દેસાઈએ સાહિત્ય સાથે પત્રકારત્વમાં પણ ઊંડુ ખેડાણ કરેલું છે. મૂલ્યનિષ્ઠ પત્રકારત્વને વરેલાં ડો. દેસાઈએ આદરેલા મૂલ્યનિષ્ઠ પત્રકારત્વ માટે નૈતિક સાહસ, સત્યનિષ્ઠા અને દ્રઢતા જોઈએ. પત્રકાર પોતાના લેખની દ્વારા સમાજમાં વિવેક જગાડે છે અને મૂલ્યવાન સમાજનું નિર્માણ કરે છે. આ વિવેક જગાડવાનો નિરંતર પ્રયાસ કરનારા કુમાળપાળ દેસાઈ આ સન્માનને પાત્ર છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ધોળકાના કલી-કુડ જૈન દેરાસરમાં પૂજ્ય રત્ન સુંદર સુરશ્વરજી મહારાજ સાહેબના આશિર્વાદ મેળવ્યા હતા અને જૈન દેરાસરમાં ભક્તિભાવપૂર્વક દર્શન-અર્ચન કર્યા હતા.

ટ્રાન્સપ્લાન્ટ દ્વારા પીડિત લોકોના જીવનમાં જીવન જીવવાની નવી આશાનો સંચાર શક્ય બને છે

ગાંધીનગર, તા. ૪

રાજયપાલશ્રી ઓ.પી. કોહલીએ જણાવ્યુ છે કે, ટ્રાન્સપ્લાન્ટેશન ક્ષેત્રે અગ્રેસર એવી કિડની ઈન્સ્ટિટ્યૂટ દ્વારા ઓર્ગેન ટ્રાન્સપ્લાન્ટ ક્ષેત્રે કરેલાં સંશોધનો સમાજનાં પીડિત લોકોની નવી અને લાંબી જીવન રેખાને લંબાવવા માટે ઉપયુક્ત બન્યાં છે.

સિવિલ હોસ્પિટલનાં કિડની ઈન્સ્ટિટ્યૂટ ખાતે યોજાયેલા ટ્રાન્સપ્લાન્ટેશન અપડેટ-૨૦૧૮ અંતર્ગત યોજાયેલાં કાર્યક્રમનાં ડૉ. રફાયેલ મેટેસાન્જને રાજ્યપાલશ્રીએ મહર્ષિ સુશ્રુત જ્ઞાનપીઠ સન્માન એવોર્ડ અર્પણ કર્યો હતો. વિશ્વમાં વૈજ્ઞાનિક અભિગમને કારણે ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટેશન વધુ થાય છે, ભારતીય મૂલ્યો, સંસ્કૃતિ અને સામાજિક બંધારણને કારણે તે તેટલાં પ્રમાણમાં થતુ નથી છતાં, કિડની ઈન્સ્ટિટ્યૂટે કિડની અને લિવરની સારવારનાં ક્ષેત્રે વૈશ્વિક નામના હાંસલ કરી છે તેનો તેમણે હર્ષ વ્યક્ત કર્યો હતો.

ગુજરાતના બજેટના બાર ઘડવૈયા દિન-રાત એક કરે છે

ટીમ લિડર તરીકે અનિલ મુકીમ

ગુજરાતના પ્રત્યેક ડિપાર્ટમેન્ટમાં પંકજ કુમાર જેવા એક્ટિવ સેક્રેટરી હોવા જોઇએ

ચલો ગાંવ કી ઓરઃ મોદી અને જેટલીએ જે કર્યું તે નિતીનભાઇ અને રૂપાણી કરશે

ચૂંટણી નાક દબાવવા હોય છે! ૨૦૧૯ પહેલાં MLAની નારાજગી વધતી દેખાશે ...

ટાઈમ લાઈન

- ગૌતમ પુરોહિત

ગુજરાતના સામાન્ય બજેટ ૨૦૧૮-૧૯ના ઘડવૈયા કોણ છે તે જાણવું એટલું રસપ્રદ છે જેટલું નાણામંત્રી નિતીન પટેલ બજેટનું વાંચન કરે છે ત્યારે લોકોને જેટલું કૂતુહલ હોય છે... ગુજરાતનું બજેટ બ્યુરોક્રેસીમાં નાણા વિભાગના અધિક મુખ્ય સચિવ અનિલ મુકીમ તૈયાર કરી રહ્યાં છે. તેઓ બજેટના મુખ્ય ઘડવૈયા છે. તેમની ટીમમાં ઈકોનોમી એફેર્સ સેક્રેટરી સંજીવ કુમાર આવે છે. એક્સપેન્ડિચર સેક્રેટરી મિલિન્દ તોરવણે આવે છે. એ ઉપરાંત વિશાલ ગુપ્તા કે જેઓ ઈન્સ્ટીટ્યુશનલ ફાયનાન્સમાં છે. સી.જે.મેકવાન આવે છે કે જે ટેક્સના જોઈન્ટ સેક્રેટરી છે. કે.એચ.પાઠક, કે.કે.પટેલ, એસ.વી.પરમાર અને જે.બી.પટેલ કે જેઓ ડેપ્યુટી સેક્રેટરી છે. આ ઉપરાંત જીએસટી કમિશનર ડો. પી.ડી.વાઘેલા, એકાઉન્ટ્સ એન્ડ ટ્રેઝરીના ડાયરેક્ટર બી.એમ.ચાવડા, લોકલ ફંડના એક્ઝામિનર વી.એસ.ગુપ્તા, પેન્શન પ્રોવિડન્ટ ફંડના પી.એન. રોયલ અને ઈન્સ્યોરન્સના એસ.એસ.ઠાકરે છે. જો કે મુખ્ય ૧૨ ઓફિસરો એવાં છે કે જેઓ ગુજરાતના બજેટ માટે દિનરાત મહેનત કરી રહ્યાં છે. બજેટ તૈયાર કરવામાં સૌથી મહત્વનું કામ રાજ્યના ચીફ સેક્રેટરી જે.એન.સિંઘ અને મુખ્યમંત્રીના અગ્રસચિવ એમ.કે.દાસ કરી રહ્યાં છે.

૯૯ આપ્યા છે તેથી મુખ્યમંત્રીને સતત જોખમ...

સચિવાલય અને લોકોમાં એવી દહેશત ફેલાઈ છે કે ગુજરાતમાં વિજય રૂપાણીની સરકાર ૨૦૧૯ પછી જોખમમાં આવી શકે છે. આવું કેમ માનવામાં આવે છે તેનું સીધું કારણ ભાજપની સભ્યસંખ્યા છે. ભાજપ પાસે હાલ ૯૯ ધારાસભ્યો છે જે સત્તામાં રહેવા માટે જરૂરી એવા ૯૩ સભ્યોથી છ વધારે છે. પાર્ટીમાં અસંતોષની માત્રા વધતી જાય છે. સરકારના બોર્ડ-કોર્પોરેશનમાં પણ ખાલી જગ્યાઓ પડી છે. મંત્રી નહીં બનાવાયેલા સભ્યો નારાજ છે. મધ્ય ગુજરાત મુયમંત્રીથી દુખી છે. પાર્ટીના સિનિયર ધારાસભ્યોને મંત્રીપદ જોઈએ છે. એટલું જ નહીં, જે મંત્રીઓ છે તેમને સારા ખાતાં પણ જોઈએ છે. મત્સ્યોદ્યોગ મંત્રી પુરુષોત્તમ સોલંકીને વધુ સારૂં ખાતું જોઈએ છે. આ સારા ખાતાની વ્યાખ્યામાં શું આવે છે તે તો માગનારા મંત્રી જાણે, પરંતુ રૂપાણીને મુસિબતમાં મૂકવાની હોડ શરૂ થઈ છે. ૨૦૧૮ના અંત સુધી આ રીતે પજવણી ચાલશે અને જ્યારે ચૂંટણી વધારે નજીક આવશે ત્યારે જો પાર્ટીનું હાઈકમાન્ડ તકેદારી નહીં રાખે તો આ તોફાન જાહેરમાં આવે તેવી વકી છે.

નિતીન પટેલને ગામડાં યાદ આવી રહ્યાં છે...

ગુજરાત વિધાનસભાનું સત્ર ૧૯મી ફેબ્રુઆરી થી શરૂ થઈ રહ્યું છે. ગુજરાતનું બજેટ સત્ર છે. કેન્દ્રની મોદી સરકારે બજેટમાં ગ્રામીણ વિસ્તારો માટેની જે યોજનાઓ અમલમાં મૂકી છે તેવી યોજનાઓ ગુજરાતમાં મૂકવામાં આવે તેવો અણસાર છે. ગુજરાતની લોકસભાની ૨૬ બેઠકો ભાજપ પાસે છે પરંતુ એક સર્વે પ્રમાણે જો અત્યારે ચૂંટણી થાય તો ભાજપ અડધી બેઠકો ગુમાવે છે. આ સ્થિતિથી બચવા માટે ગુજરાત સરકાર ગ્રામીણ વિસ્તારોમાં બજેટની ફાળવણી વધારી શકે છે. બજેટના ઘડવૈયા છે તેઓને સ્પષ્ટ સૂચના છે કે ગુજરાતમાં બેરોજગારી દૂર થાય તેવી નવી યોજનાઓને બજેટમાં સામેલ કરવામાં આવે. મોદી સરકારની અધુરી યોજનાઓને આ બજેટમાં વધારે નાણાં ફાળવાય તેવી પણ સંભાવના છે. ખેડૂતો અને તેમના ઉત્પાદન માટે સરકાર બજેટમાં નક્કર યોજનાઓ લાવી શકે છે. ગ્રામીણ મહિલાઓ અને યુવાનો માટે સ્વરોજગારની સ્કીમો દાખલ કરવાનો મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલ ઈરાદો ધરાવે છે.

વિધાનસભામાં MLA રોજનો ૫૫૦૦ ખર્ચ કરે છે...

ગુજરાત વિધાનસભાનું સત્ર મળે છે ત્યારે ધારાસભ્યોને દૈનિક ભથ્થાં મળતા હોય છે. એ ઉપરાંત વહીવટી કામમાં ઘણો ખર્ચ થતો હોય છે. સરકાર વિધાનસભાના સત્રમાં જે ખર્ચા કરે છે તે આપણી મહેનતની કમાણીના રૂપિયા છે કે જે ટેક્સરૂપે સરકારને મળે છે. જાણીને નવાઈ લાગશે કે ૧૯૬૦-૬૧માં પહેલી વિધાનસભામાં સત્ર ચાલુ હોય ત્યારે રોજનો ખર્ચ ૭૩૯૩ રૂપિયા થતો હતો, એટલે કે સભ્યદીઠ રોજનો ખર્ચ ૬૪.૨૮ રૂપિયા હતો. આ આંકડો ૨૦૦૧-૦૨માં વધીને અનુક્રમે ૫.૧૦ લાખ રૂપિયા અને ૩૨૦૦ રૂપિયા થતો હતો, હવે વિધાનસભાનો એક દિવસનો ખર્ચ સામાન્ય અંદાજ પ્રમાણે ૧૦ લાખ રૂપિયા કરતાં વધુ થાય છે, જ્યારે સભ્યપ્રમાણેનો રોજનો ખર્ચ ૫૫૦૦ રૂપિયા થાય છે. સરકાર આટલા રૂપિયાનો ખર્ચ પ્રતિદિન કરતી હોય છે ત્યારે વિધાનસભામાં ધારાસભ્યોએ આવો કિમતી સમય ખોટી ચર્ચાઓમાં વ્યતિત કરવાની જગ્યાએ સાડા છ કરોડની જનતાની ભલાઈ માટે વાપરવો જોઈએ.

દરેક ડિપાર્ટમેન્ટમાં પંકજકુમાર હોવા જોઇએ...

ગુજરાતના રેવન્યુ વિભાગના અધિક મુખ્ય સચિવ પંકજકુમાર સોશ્યલ મિડીયા એવા ટ્વિટર પર તમામ ૩૩ જિલ્લા કલેક્ટરોને એક્ટિવ બનાવ્યા છે અને તેનું રિઝલ્ટ મળી રહ્યું છે ત્યારે આવો પ્રયોગ રાજ્યના હોમ ડિપાર્ટમેન્ટમાં થવો જોઈએ. રાજ્યના તમામ જિલ્લાના પોલીસ સુપ્રિટેન્ડેન્ટ્સ અને મહાનગરોના પોલીસ કમિશનર માટે ટ્વિટર એકાઉન્ટ એક્ટિવ કરવા જોઈએ. જો તેમ થશે તો કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધારે મજબૂત બનશે. આ પહેલ જૂનિયર હોમ મિનિસ્ટર પ્રદીપસિંહ જાડેજાએ કરવી જોઈએ. તેમણે ટ્વિટર પર લોકોની રજૂઆતોને રિપ્લાય કરી જે તે ઓથોરિટીને તે રજૂઆત મોકલી આપી તેનું ફોલોઅપ લેવું જોઈએ. જો તેમ થશે તો સાચા અર્થમાં સોશ્યલ મિડીયાનો ઉપયોગ થશે. રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પણ જળવાઈ રહેશે. માત્ર હોમ જ નહીં, પબ્લિક ડિલીંગ થાય છે તેવા અન્ય ડિપાર્ટમેન્ટ જેવાં કે અન્ન અને નાગરિક પુરવઠો, આરોગ્ય, શિક્ષણ અને ઉદ્યોગને પણ ટ્વિટર એક્ટિવ સિસ્ટમથી જોડી દેવા જોઈએ. જે કામ પંકજકુમારે કર્યું છે તે કામ આપણા મિનિસ્ટર અને અન્ય વિભાગોના સેક્રેટરી પણ કરી શકે છે. રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આ અંગેના સત્તાવાર આદેશ જારી કરવા જોઈએ.

બદલીની મોસમ આવી રહી છે, પણ ક્યારે ?...

ગુજરાત સરકારમાં બદલીની મોસમ આવી રહી છે. એકવાર નવી સરકાર સ્ટેબલ થાય તે પછી શક્ય છે. જિલ્લા અને મહાનગરોમાં વહીવટી તંત્રના ઓફિસરો તેમજ પોલીસ વિભાગનો સ્ટાફને બદલાય તેવી સંભાવના છે, કારણ કે ચૂંટણી પછી બદલીઓ થઈ નથી. ૧૯મી ફેબ્રુઆરીથી વિધાનસભાનું સત્ર શરૂ થાય છે ત્યારે હાલ સચિવાલયમાં વિભાગોના અધિકારીઓ બજેટ કામગીરીમાં વ્યસ્ત હોવાથી હમણાં બદલીઓ થવાની શક્યતા જોવાતી નથી પરંતુ બજેટ સત્રના મધ્યમાં અથવા તો બજેટ સત્ર પછી સરકાર થોકબંધ બદલીઓ કરે તેવું લાગી રહ્યું છે. ગુજરાતમાં હાલ પૂર્ણ કદના ઉદ્યોગ અધિક મુખ્ય સચિવ નથી. એ સિવાય છ થી વધારે વિભાગોમાં વધારાના હવાલા ચાલી રહ્યાં છે. રાજ્યના વહીવટી તંત્રમાં એવા અધિકારીઓ છે જેમને એક જ જગ્યાએ ત્રણ વર્ષ કરતાં વધુ સમય થયો છે તે મુખ્યમંત્રીના ધ્યાનમાં છે. નવા ઓફિસરોને હાલ પોસ્ટીંગ આપ્યા છે તે કામચલાઉ છે તેને પણ કાયમી કરવાના થાય છે. પોલીસ વિભાગમાં પણ બદલીઓ પેન્ડીંગ છે. સચિવાલય સામૂહિક બદલીઓની રાહ જોઈને બેઠું છે.

ગુજરાતના બજેટમાં આ થવું જ જોઇએ...

ગુજરાતના બજેટમાં લોકોની અપેક્ષાઓ શું છે તે જાણવાનો સરકારે પ્રયાસ કર્યો નથી પરંતુ એવી કેટલીક બાબતો છે જેનો સમાવેશ બજેટમાં થાય તે જરૂરી છે. સરકાર મોટા શહેરોમાં પાર્કિંગની સુવિધા વધારે. પેટ્રોલ અને ડિઝલના ભાવવધારા પછી પબ્લિક ટ્રાન્સપોર્ટેશન પર વધારે ભાર મૂકે. ટ્રાફિકના નિયમોનું સતત પાલન થાય તે રીતે નવી પોલિસી બનાવે. ફુડમાં ભેળસેળને રોકવાનો નક્કર ઉપાય કરે. ભ્રષ્ટાચારને દુર કરવા સિંગલ વિન્ડો ક્લિયરન્સ સિસ્ટમ લાગુ કરે. ગુજરાતની કોલેજો અને યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ અભ્યાસ સાથે જોબ કરી શકે તેવું પ્લાનિંગ વિચારે. લોકોને સ્વચ્છ પીવાનું પાણી મળી રહે તે માટે નર્મદા વોટરનું બોટલિંગ કરે. એસ.ટી.બસોને નિયમિત કરે અને મુસાફરોને ખાનગી વાહનોની ભયજનક મુસાફરીમાંથી મુક્ત કરે.